માનનીય અધ્યક્ષશ્રી

સૌ પ્રથમ સૌને મારા જય શ્રી રામ, સીતારામ, રામ રામ

માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના હસ્તે તારીખ ૨૨ જાન્યુઆરી ૨૦૨૪ ના રોજ અયોધ્યા ખાતે નવનિર્મિત ભવ્ય રામમંદિર મા રામલલ્લાની પ્રાણ પ્રતિષ્ઠા યોજાઇ જેમાં દેશના અને વિશ્વના નાગરિકો અને રામભક્તોએ ઉત્સાહભેર દીપ પ્રગટાવી દિવાળી ની જેમ ઢોલ નગારા વગાડી વધામણાં કર્યા

માનનીય અધ્યક્ષશ્રી

માનનીય મહામહિમ રાજ્યપાલના પ્રવચનમાં પર

સદયશ્રી નરેશભાઈ પટેલ આભાર પ્રસ્તાવ લઈને આવ્યા છે

સદસ્ય શ્રી કેશાજી ચૌહાણનાઓ એ ટેકો જાહેર કર્યો છે જેના સમર્થન માં હું વક્તવ્ય આપુ છું

માનનીય અધ્યક્ષશ્રી

માનનીય મહામહિમ રાજ્યપાલનાશ્રીના પ્રવચનમાં પંદરમી ગુજરાત વિધાનસભાના ચોથા સત્રના મંગળ પ્રારંભે સભા ગૃહનું ઉષ્માસભર સ્વાગત કર્યું

માનનીય અધ્યક્ષશ્રી

મહામહિમ રાજ્યપાલનશ્રીના પ્રવચનમા ગત વર્ષે G20 સમૂહની યજમાની દિલ્હી ખાતે મળી હતી જેમાં ભારત દેશના 140 કરોડ દેશવાસીઓ અને માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબની ટીમને ખૂબ ખૂબ અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી

G20 સમૂહની યજમાની ભારતને આંતરરાષ્ટ્રીય સ્તરે અનેક બાબતોમાં પોતાની છબી ઉજાગર કરવા માટે તથા વૈશ્વિક સમસ્યાઓમાં પોતાનો મત મજબુત રાખેલ છે

માનનીય અધ્યક્ષશ્રી

G20 ની ગુજરાતમાં યોજાયેલ વિવિધ ૧૭ બેઠકોની જ્વલંત સફળતાનો યશ માનનીય મુખ્યમંત્રીશ્રી અને તેઓની ટીમને ફાળે જાય છે તે આયોજન બદલ  મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ સાહબેની સરકારને ખૂબ ખૂબ અભિનંદન

માનનીય અધ્યક્ષશ્રી

બે દાયકા પૂર્વે ગુજરાતના તત્કાલીન માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ એ સૌનો સાથ સૌનો વિકાસ શરૂ કરેલી વિકાસયાત્રાના પરિણામે ૨૦૦૩માં વાઇબ્રન્ટ ગુજરાતની શરૂઆત કરેલી અને આજે વટવૃક્ષ બની ગયું છે તે બદલ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબને અભિનંદન આપુ છું

માનનીય અધ્યક્ષશ્રી

માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના વિઝન થી પ્રેરિત વાઇબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટની ૧૦ મી આવૃત્તિ મહાત્મા મંદિર ગાંધીનગર ખાતે ૧૦ મી જાન્યુઆરી થી ૧૨મી જાન્યુઆરી ૨૦૨૪ દરમ્યાન લોકોના અભૂતપૂર્વ પ્રતિસાદ થી સફળ થયેલ જેમાં

Gate Way To Future

Vibrant Gujarat

Vibrant District ની ગ્લોબલ થીમનો ઉપયોગ કરવામાં આવ્યો.

માનનીય અધ્યક્ષશ્રી

માનનીય મહામહિમ રાજ્યપાલશ્રીના ભાષણમાં બાળકના જન્મથી વયોવૃધ્ધ થાય ત્યાં સુધી તમામ વર્ગોને આવરી લઇ ગુજરાત સરકારે યોજનાબધ્ધ યોજનાઓ પરિપૂર્ણ કરવા માટે અને લોકોની સુખાકારી વધે તે માટે ગુજરાત સરકાર અને માનનીય મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલનાઓ કટિબધ્ધ છે

માનનીય અધ્યક્ષશ્રી

માનનીય મહામહિમ રાજ્યપાલશ્રીના પ્રવચનમાં આદિવાસીના વિકાસની વિવિધ કલ્યાણકારી યોજનાઓ દ્વારા અને માળખાકીય સુવિધાઓ દ્વારા આદિવાસી સમૂહ અને વિસ્તારનો સર્વાંગી વિકાસ થાય તે માટે સરકાર કટિબધ્ધ છે

માનનીય અધ્યક્ષશ્રી

૨૦૦૭ મા વનબંધુ કલ્યાણ યોજના શરૂ કરવામાં આવી તે અંતર્ગત આદિવાસીઓના વિકાસ માટે ૨૦૨૩-૨૪ માટે રૂપિયા ૧૮,૭૫૫.૨૨ કરોડની જોગવાઈ કરવામાં આવી.

ગુજરાત પેટર્ન હેઠળ આદિવાસીઓના વિકાસ માટે ૨૦૨૩-૨૪ માટે ૩૩૭.૨૮ કરોડની જોગવાઇ કરવામાં આવી જેમાં નવેમ્બર ૨૦૨૩ સુધીમાં ૧૦,૧૦૭ કામોનું આયોજન કરવામાં આવેલ છે

માનનીય અધ્યક્ષશ્રી

ગુજરાત સરકાર ની કલ્યાણ યોજનાઓ જેમાં આદિવાસી વિદ્યાર્થીઓ માટે પ્રી. એસ.એસ.સી ની યોજના હેઠળ નવેમ્બર ૨૦૨૩ સુધીમાં ૮૪.૩૧ કરોડના ખર્ચે ૧૦.૪૪ લાખ આદિવાસી વિદ્યાર્થીઓ ને લાભ આપવામાં આવેલ છે.

ધોરણ ૧ થી ૮ મા અભ્યાસ કરતા આદિવાસી વિદ્યાર્થીઓ ને નવેમ્બર ૨૦૨૩ માં રૂપિયા ૯૩.૮૭ કરોડ ના ખર્ચે ૧૦.૪૪ લાખ વિદ્યાર્થીઓને ગણવેશ સહાય નો લાભ આપવામાં આવેલ છે

માનનીય અધ્યક્ષશ્રી

હળપતિ જાતિના લાભાર્થીઓ માટે ચાલુ વર્ષે નવેમ્બર ૨૦૨૩માં ૨,૪૮૧ મકાનોની કાર્યવાહી પૂર્ણ થયેલ છે તેમજ ૫૧૫ મકાનોની કાર્યવાહી પ્રગતિમા ચી તેમજ વ્યક્તિગત આવાસ યોજના હેઠળ ૧૨૧૫ મકાનોની કાર્યવાહી પૂર્ણ થયેલ છે અને ૨,૧૮૯ મકાનો પ્રગતિ હેઠળ છે

માનનીય અધ્યક્ષશ્રી

આદિવાસી સમાજમા થતાં રોગો જેવા કે ક્ષય, કેન્સર, રક્તપિત, પ્રસૂતિના ગંભીર કેસના ભોગ બનેલા દર્દીઓ માટે તબીબી સારવાર તથા પૌષ્ટિક આહાર આપવા માટે ૨૦૨૩ સુધીમાં રૂપિયા ૫.૭૮ કરોડના ખર્ચે કુલ ૧૦,૬૮૬ દર્દીઓને લાભ આપેલ છે

માનનીય અધ્યક્ષશ્રી

આદિવાસીઓના વન અધિકાર અધિનિયમ ૨૦૦૬ અંતર્ગત આદિવાસીઓના કુલ ૧,૮૨,૮૭૯ દાવા પૈકી ૯૭,૩૪૨ દાવા માન્ય રાખવામાં આવેલ છે

સામુદાયિક દાવા કુલ ૭,૧૮૭ તેની સામે ૪,૧૯૧ દાવા માન્ય કરવામાં આવ્યા છે

માળખાકીય સુવિધાઓ માટે કુલ ૨,૧૧૮ દરખાસ્તો પૈકી ૨,૦૪૫ માન્ય કરવામાં આવી છે

માનનીય અધ્યક્ષશ્રી

આદિજાતિ વિસ્તારમાં ડેરીનો વ્યાપ વધારવા માટે ૫ દૂધ મંડળીના મકાન બાંધકામ માટે એક મંડળી ને ૧૦ લાખ રૂપિયા આપવામાં આવે છે જેમાં ૫૦ લાખ રૂપિયાની જોગવાઈ

માનનીય અધ્યક્ષશ્રી

આદિવાસી વિદ્યાર્થીઓ માટે એમ.ફિલ અને પી.એચડી કરતા હોય તેવા વિધર્થીઓને ને એક લાખ રૂપિયા સહાય આપવામાં આવે છે

માનનીય અધ્યક્ષશ્રી

આદિવાસી ના વિકાસ માટે બોર્ડર વિલેજ યોજના હેઠળ સરહદી ગામોના પરિવારોને આવાસ ની સુવિધાના આયોજનમાં ૨૦૨૩-૨૪ મા ૨૩૧૦ આવસોને મંજૂરી આપવામાં આવી અને રોજગારી માટે દુધાળા પશુ આપવાના આયોજનમાં વર્ષ ૨૦૨૩-૨૪ માં દુધાળા પશુની ૩,૩૦૯ સહાય મંજુર કરી

માનનીય અધ્યક્ષશ્રી

આદિવાસીઓને રહેવા માટે ૩ શાળાઓના ૪૩.૦૬ કરોડ નો ખર્ચ કરી લોકાર્પણ કરવામાં આવ્યું જેમાં ૧૨૦૦ જેટલા વિદ્યાર્થીઓને લાભ આપવામાં આવ્યો

માનનીય અધ્યક્ષશ્રી

રાજપીપળા ખાતે બિરસા મુંડા ટ્રાઈબલ યુનિવર્સિટી કાર્યરત છે જેના સંચાલન શૈક્ષણિક પ્રવુતિઓ અને સંશોધન કાર્યો માટે ૬.૫૮ કરોડની જોગવાઈ કરવામાં આવી છે

માનનીય અધ્યક્ષશ્રી

આદિવાસી ખેડૂતો માટે કૃષિ યોજના હેઠળ સુધારેલ બિયારણ અને ખાતર આપવા માટે ૩૦ કરોડની જોગવાઈ કરવામાં આવેલ જેમાં ૧,૦૪,૯૫૬ લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો